ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૪ ટકા

# સિવિલમાં કોવીડ દર્દીઓ વધતા ૭ મા માળે પણ દર્દીઓનો ધસારો

ગાંધીનગર, તા.૨૪

પાટનગરમાં કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. ગાંધીનગરમાં કોરોનો પોઝીટીવના ૪૦ દર્દીઓ નોંધાયા છે. જયારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં દર્દીના સતત ધસારાને પગલે ૮ મો માળ ફુલ થઈ જતા ૭ મો માળ શરુ કરી દેવાયો છે. તેમાં પણ મોટીમાત્રામાં કોવીડ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. કોવીડના કેસ વધતા સિવિલ તંત્ર દર્દીઓને પુરતી સુવિધા પુરી પાડવા માટે તૈયાર છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ કોરોના પાર્ટ-૨ નો પ્રારંભ થઈ ગયો છે. રાજયભરના વિવિધ શહેરમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે. શહેરોની સાથે સાથે કોરોનાએ ગામડામાં પગ પેસારો કરતા તંત્ર ચિંતામાં ગરકાવ થઈ ગયું છે. વળી આ વખતે તો નાના બાળકોથી લઈ વિદ્યાર્થીઓ પણ સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે રાજયમાં કોવીડના કેસ બુધવારના રોજ ૧૭૯૦ નોંધાયા છે. જયારે રાજયમાં ૮ દર્દીઓ મૃત્યુને ભેટ્યા છે. પાટનગરમાં પણ ૪૦ કેસ કોવીડના નોંધાતા આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયું છે. કોવીડના વધી રહેલા સંક્રમણને પગલે સોશ્યલ ડિસ્ટન્સ પાલન અને માસ્ક પહેરવા અંગે નિયમોનું કડક પાલન કરવા માટે તંત્ર દ્વારા તાકીદ કરાઈ છે.

### સિવિલમાં સોનોગ્રાફી મશીન બંધ

**ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના ધસારાને પગલે ૧૨૦ થી ૧૫૦ જેટલી સોનોગ્રાફી કરવામાં આવે છે. પરંતુ રેડીયોલોજી વિભાગમાં ડોકટરોની અછતને પગલે સોનોગ્રાફી વિભાગ બંધ હાલતમાં છે. જયારે માત્ર એકસ-રે વિભાગ જ કાર્યરત છે. મળતી માહિતી મુજબ હાલના સમયે રેડીયોલોજી ડોકટર રજા પર હોવાથી તેમજ અન્ય કોઈ ડોકટર ન હોવાથી દર્દીઓની સોનોગ્રાફી થઈ શકતી નથી તે બાબત ગંભીર છે. હાલના સમયે સિવિલમાં સોનોગ્રાફી માટે આવતા દર્દીઓને ધરમધક્કા પડી રહ્યા છે. ત્યારે સોનોગ્રાફી વિભાગમાં ઝડપી કાર્યરત થાય તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.**




વૃક્ષો માનવજાતના ખૂબ જ નજીકના મિત્રો છે. વૃક્ષો ધરતીની ચાદર છે. તે ઓકિસજનનું પાવરહાઉસ છે શહેરમાં વિકાસના કામો માટે ઘણા વૃક્ષોનું નિકંદન નીકળ્યું છે ત્યારે નવા વૃક્ષોનો ઉછેર ખરેખર ખૂબ આનંદ આપે છે. કલેકટર કચેરીના પ્રાંગણમાં જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે વૃક્ષારોપણ કર્યું હતું. તેની સાથે વન અધિકારી હેમંતભાઈ સુથાર જોડાયા હતા.

# ગાંધીનગરની દિવ્યાંગ દિકરીનું રાષ્ટ્રીય કક્ષાએ એથ્લેટિકસમાં યશસ્વી પ્રદર્શન

## સે-૮ની હીના ત્રિવેદીએ પટના ખાતે યોજાયેલી પેરા ગેમ્સ ફોર સેરેબ્રલ પાલ્સીમાં એક ગોલ્ડ સાથે ત્રણ મેડલ્સ મેળવ્યા : ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમ ચેમ્પિયન બની

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં બિહાર પેરા સ્પોર્ટસ એસોસિએશન દ્વારા પટના ખાતે આયોજિત ૧૭મી પેરા એથ્લેટિકસ ચેમ્પિયનશીપ ફોર સેરેબ્રલ પાલ્સી સ્પર્ધામાં ગુજરાતની ટીમ ઓવરઓલ ચેમ્પિયન બનવા પામી છે. આ ટીમમાં ગાંધીનગરની દિવ્યાંગ દિકરી હીના દિલીપભાઈ ત્રિવેદીએ યશસ્વી પ્રદર્શન કરતાં એક ગોલ્ડ અને ૨ સિલ્વર સાથે કુલ ત્રણ ચંદ્રકો જીતીને પાટનગરનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકાવ્યું છે.

ગાંધીનગરના સેકટર-૮માં રહેતી હીના ત્રિવેદીએ પટના ખાતે તા. ૨૧થી ૨૩ માર્ચ દરમિયાન યોજાયેલી નેશનલ પેરા એથ્લેટિકસ ગેમ્સ ફોર સેરેબ્રલ પાલ્સી ૨૦૨૧માં વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. આ પૈકી હીના ત્રિવેદીએ ગોળા ફેંકમાં સિનિયર ઈન એફ-૩૩ કેટેગરીમાં ૨.૨૪ મીટર દૂર ગોળો ફેંકીને પ્રથમ સ્થાને વિજેતા બનવા સાથે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. આ સાથે હીનાએ ૧૦૦ મીટર દોડ તથા કલબ થ્રો રમતોમાં દ્વિતિય સ્થાન મેળવી ૨ સિલ્વર મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટૂર્નામેન્ટમાં કુલ ૨૩ રાજયોના ૨૫૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટ માત્ર સેરેબ્રલ પાલ્સી નામની તકલીફ ધરાવતા ખેલાડી માટે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા હતી. જેમાં ઓવરઓલ ગુજરાતની ટીમ ચેમ્પિયન બની છે જયારે બીજા સ્થાને બિહાર અને તૃતીય સ્થાને રાજસ્થાનની ટીમ વિજેતા બની હતી. સમગ્ર ટૂર્નામેન્ટ પટનાના કંકરબાગ વિસ્તારમાં પાટલીપુત્ર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાઈ હતી. હિના ત્રિવેદીએ સમગ્ર શહેરમાંથી અભિનંદન સાથે શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી છે.




# સેકટર-૧૩ ખાતે સામાન્ય બાબતે પાડોશીઓ વચ્ચે છુટ્ટાહાથની મારામારીના દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ એ ખાતે ગત રાત્રીના સુમારે સામાન્ય બાબતે યુવકે ગાળાગાળી કરીને પાડોશમાં રહેતા પરિવારના દાદા-પૌત્રને મુક્કા તેમજ છુટ્ટા હાથની મારામારી કરી હતી. ત્યારબાદ યુવકે ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં.૫૨૫-૧ ખાતે રહેતા રાજ ઉદયભાઈ પારેખ પોતાના પરિવાર સાથે રહે છે. જયારે રાજ સોલા ખાતે આવેલ એસ.આર.ઈન્ટીરીયર ડીઝાયર કંપની ચલાવે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદીના મકાનથી ત્રણ ચાર મકાન દુર કાબલી ભાઈઓ રહે છે. ગતરોજ ફરીયાદ પોતાના ઘરે પરિવારના સભ્યો સાથે ઘરે હાજર હતા. તે દરમિયાન આશરે રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં બુમાબુમ થતા હુ બહાર આવ્યો હતો. તે સમયે જોયુ તો ટેમ્પો લઈને આવેલ યુવકે મારા નાના અને મારી પત્ની સાથે બોલાચાલી કરતો હતો. ત્યારબાદ નાના સાથે ઝપાઝપી કરતા ટી શર્ટની બાય ફાટી ગઈ હતી. તે પછી ફરીયાદી ઘરની બહાર આવીને જોયુ તો બોલાચાલી કરતો યુવક પ્રભાકર કાબલી હતો. મે તેમને પુછ્યુ કે કેમ ભાઈ ઝઘડો કરો છો, તો તેણે જણાવ્યું કે "માર્ગ પર કેમ પથ્થર મુકયા" તેમ કહીને આવેશમાં આવી જઈને ગાળાગાળી કરીને છુટ્ટા હાથની મારામારી કરવા લાગ્યા હતા અને મોંઢા પર મુક્કા મારતા હતા. જેથી ફરીયાદીનો ભાઈ વચ્ચે પડતા તેનુ પણ ટી-શર્ટ ફાટી ગયું હતું. જયારે બુમાબુમ થતા સ્થાનિક નાગરીકો આવી જતા ફરીયાદીને વધુ મારમાંથી બચાવ્યા હતા. ત્યારબાદ જતાજતા યુવકે ફરીયાદીને અને તારા નાનાને જાનથી મારી નાંખી તેમ કહી જતો રહ્યો હતો. ત્યારબાદ ફરીયાદીને સામાન્ય ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલમાં સારવાર મેળવી હતી અને બાદમાં સેકટર-૭ ખાતે પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

## અરવિંદ કેન્દ્ર દ્વારા કેલીગ્રાફી-ચિત્રકામના વર્ગો યોજાશે

ગાંધીનગર, તા.૨૪

શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ખાતે ચિત્રકામ અને કેલગ્રાફીના વર્ગો આગામી તા. ૩ એપ્રિલથી શરૂ કરવામાં આવશે. દર શનિવારે સાંજે ૫ થી ૬ અને દર રવિવારે સવારે ૯ થી ૧૦ દરમિયાન વર્ગો યોજાશે. વર્ગ ફી રૂ. ૫૦૦ રહેશે. જયારે બાળ સંસ્કાર કેન્દ્ર સવારે ૧૦ થી ૧૧ દરમિયાન ચલાવવામાં આવશે. જયશ્રીબેન પ્રજાપતિ આ વર્ગોનું સંચાલન કરશે.

## શેરથા ઈપા ફાર્મમાંથી ૧ લાખના પશુઓની ચોરી : એક ભેંસ અને ત્રણ પાડીની ચોરી

ગાંધીનગર, તા.૨૪

અડાલજ - કલોલ માર્ગ પર શેરથા ગામની સીમમાં આવેલા ઈપા ફાર્મના મકાનની આગળથી એક ભેંસ અને ત્રણ પાડીની ચોરી થવા પામી છે. ફાર્મ હાઉસ પરથી રાત્રીના સમયે પશુઓની ચોરી થતા ગ્રામજનોમાં પણ ભય ફેલાયો છે. ત્યારે અંદાજીત એક લાખ રૂપીયાના પશુઓની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરઢવ ગામના અને શેરથા નજીક ઈપા ફાર્મ હાઉસ ખાતે રહેતા સમીર શકરાભાઈ પટેલ (ઉં.૩૨) પોતાના પરિવાર સાથે રહે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે. ફાર્મ હાઉસ ખાતે સમીરભાઈના મકાન સામે જ રૂ.૭૦ હજારની મેડી ભેંસ અને રૂ.૩૦ હજારની ત્રણ પાડી બાંધેલી હતી. જે ગતરાત્રીના સુમારે કોઈ અજાણ્યા શખ્સો આવીને ચોરી કરી લઈ ગયા હતા. એક લાખના પશુઓની ચોરી થતા અન્ય ગ્રામજનોમાં પણ ફફડાટ ફેલાયો છે.પશુઓની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી તેમ છતા મળી આવ્યા ન હતા. રૂ.૧ લાખના પશુઓની ચોરી થતા ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



**પ્રીતિ શર્મા**
લાયોનેસ કલબ



**પ્રાચી સંજયકુમાર શાહ**
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧



**માહી ભરતકુમાર સોલંકી**
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩

## જીવદયા પ્રેમી પાટનગરમાં પક્ષીઓ માટે પણ ભોજનાલય...!!




ઉનાળાના આકરા તાપની શરૂઆત થઈ ચુકી છે અને આ સીઝન દરમિયાન અબોલ પશુ પક્ષીઓ માટે સૌથી મોટી સમસ્યા સર્જાતી હોય તો તે પીવાના પાણીની સમસ્યા હોય છે. કેમ કે તડકાને લીધે નાના-મોટા ખાબોચિયાંથી માંડીને મોટા તળાવ સુધ્ધાં સુકાઈ જતા હોય છે. આ કારણે પાણી વિના તરફડીને મરતા અબોલ જીવો માટે જીવદયા પ્રેમીઓ દ્વારા પાણીના કુંડા મુકવાના અભિયાન ચલાવાય છે. કુડાસણમાં આવા જ એક જીવદયા પ્રેમીએ તો પક્ષીઓને નિયમિત ચણ નાંખવાની નિયત જગ્યા જયાં તેમને ખોરાક સાથે પીવાનું પાણી પણ મળી રહે તેવી વ્યવસ્થા કરી છે તે જગ્યાએ 'પક્ષીઓનું ભોજનાલય'નું બોર્ડ જ લગાવી દીધું છે. માનવીઓ માટે સદાવ્રતો કે ભોજનાલયો ઘણા જોયા હશે પરંતુ ગાંધીનગર એવું પ્રકૃતિ પ્રેમી શહેર છે જયાં પક્ષીઓ માટે પણ આગવું ભોજનાલય છે. આ બોર્ડ લગાડવાથી એક ફાયદો એ પણ થઈ રહ્યો છે કે આસપાસમાં રહેતા અન્ય જીવદયા પ્રેમી નગરિકો પણ પક્ષીઓ માટે ચણ અહીં જ નાંખી જાય છે એટલે પક્ષીઓને એક જ સ્થળેથી નિયમિત ચણ-પાણી મળી રહે છે.

# વાવોલની સોસાયટીઓમાં રસીકરણ અભિયાન વેગવંતુ બન્યું

## શાલીન-૪ એપાર્ટમેન્ટ અને વૈદેહી-૧ માં રસીકરણનો વસાહતીઓએ લાભ લીધો





ગાંધીનગર, તા.૨૪

વાવોલમાં આ સપ્તાહે રસીકરણ અભિયાન અસરકારક રીતે આરંભાયું છે. આજે સવારે વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટ તથા વૈદેહી-૧ રેસિડેન્સી સોસાયટીઓમાં કોવિડ-૧૯ પ્રતિરોધક રસીકરણના કેમ્પ યોજવામાં આવ્યા હતા. જેમાં મોટી આદરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફે સેવાઓ આપી હતી. વૈદેહી-૧ રેસિડેન્સીમાં વાવોલના જાણીતા બિલ્ડર તથા સામાજિક અગ્રણી દેવુભા ગોલે ઉપસ્થિત રહી રસીકરણ માટે લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તથા રસીકરણની સેવા પુરી પાડતા સ્ટાફ સહિત તમામ માટે જરૂરિ સુવિધા પુરી પાડવામાં સહાયતા કરી હતી.

શાલીન-૪ એપાર્ટમેન્ટમાં વસાહતી રસીકરણ હાથ ધરાયું હતું. જેમાં ૬૦ વર્ષથી ઉપરની વયના સિનિયર સિટીઝન્સ ઉપરાંત ૪૫ વર્ષથી ઉપરની વયના લાભાર્થીઓને પણ રસી આપવામાં આવી હતી. શાલીન-૪માં ૪૨ લાભાર્થીઓએ કોવિશિલ્ડ રસી મુકાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સોસાયટીના પ્રમુખ વિપુલ બારોટ તથા અગ્રણી અજયભાઈ મહેતા સહિત સોસાયટીના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ રસીકરણમાં મોટી આદરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એમપીએચ ડબલ્યુ વાસુદેવ દેસાઈ, સ્ટાફ નર્સ રેશ્માબેન તથા આશાવર્કર શાંતાબેન પ્રજાપતિએ સેવાઓ પુરી પાડી હતી.

# ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માસિક ધર્મ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

મહિલા અને બાળકલ્યાણ ક્ષેત્રે કાર્યરત ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓને માસિક ધર્મનાં ગાળાનું સુઘડ રીતે વ્યવસ્થાપનમાં મદદરૂપ થવાના હેતુથી પ્રોજેક્ટ વાઉવ (WOW) છેલ્લા બે વર્ષથી ચાલવામાં આવે છે. આ પ્રોજેકટ હેઠળ મુક્તિધામ પાસે આવેલ સેવા વસ્તીમાં મહિલાઓ અને કન્યાઓને માસિક ધર્મ દરમ્યાન સ્વચ્છતા અંગે જાગૃતતા લાવવા આરોગ્યપ્રદ સેનેટરી પેડના ઉપયોગ પર ભાર મૂકી સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રોજેક્ટ વાઉવ (WOW) અંતર્ગત ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના રૂરલ પ્રોગ્રામના ડાયરેકટર અને સેનેટરી પેડના દાતા વૈજન્તીબેન ગુપ્તેએ સેનેટરી પેડના વિતરણની સાથે મહિલાઓ અને કન્યાઓને માસિક ધર્મ ઈન્ફેકશનની સંભાવના અને બીમારી થતી હોવાની સમજણ આપી હતી અને માસિકસ્રાવ સાથે સંબંધિત વૈજ્ઞાનિક અને સચોટ જાણકારી આપીને આરોગ્યલક્ષી માહિતી વિગતવાર આપી હતી.

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોશીએ મહિલાઓ અને કન્યાઓને સંકોચ રાખ્યા વગર માસિક ધર્મને લગતી મૂંઝવણની ચર્ચા, ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના મહિલા પ્રતીનીધી સાથે કરવા અને જરૂરિયાત મુજબ ઉદગમ દ્વારા માર્ગદર્શન અને સહાયની ખાતરી આપી હતી. સાથોસાથ સેવા વસ્તીના હાજર બાળકોને મનોજ જોષી અને વાગ્મી જોષી દ્વારા બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અંજલિબેન ચૌહાણ અને વાગ્મી જોષીએ હાજરી આપીને બહેનોને અલગ અલગ વિષયોમાં વ્યક્તિગત માર્ગદર્શન આપ્યું હતું. સાથોસાથ અંજલીબેન ચૌહાણે સહુનો આભાર માન્યો હતો. ઉદગમના મનોજભાઈ જોષી અને વાગ્મી જોષીએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જેહમત ઉઠાવી હતી.




# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'માહિતીયુગમાં શિક્ષણ' વિષયે દ્વિદિવસીય નેશનલ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં તા. ૨૦ અને ૨૧ માર્ચના રોજ ઓનલાઈન નેશનલ સેમિનારના ઉદઘાટન સત્રમાં વિભાગના અધ્યક્ષ પ્રો ડૉ. રણજીતસિંહ પવારે સૌને આવકારતા જણાવ્યું કે ૨૧મી સદીમાં શિક્ષણના બદલાતા પ્રવાહો સંદર્ભે સાથે મળી ચિંતન કરવું જોઈએ. સેમિનારના કન્વીનર ડૉ. નીલેશભાઈ પંડયાએ સેમિનાર વિશે અગત્યની બાબતોથી સૌને માહિતગાર કર્યા હતા. યુનિવર્સિટીના વિવિધ કાર્યોથી પરિચિત કરવા માટે યુનિવર્સિટી ફિલ્મ ડૉ. જિજ્ઞેશ પટેલે દર્શાવી હતી. રજિસ્ટ્રાર ડૉ. અશોક પ્રજાપતિએ સેમિનાર માટે શુભેચ્છા વ્યકત કરી હતી. અધ્યક્ષીય ઉદબોધનમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદભાઈ શાહે ભારતીય ચિંતન પર પ્રકાશ પાડી વર્તમાન સમયના શિક્ષણમાં તેની આવશ્યકતાને ખૂબ જ રસપ્રદ રીતે સમજાવી હતી. સત્રની આભારવિધિ શિક્ષણશાસ્ત્ર ભવનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મીનળબા જાડેજાએ કરી હતી.

બીજા વકતા તરીકે પ્રથમ દિવસે ઈન્સ્ટિટયુટ ઓફ લાઈફ લોંગ લર્નિંગ યુનિવર્સિટી ઓફ દિલ્હીના પ્રોફેસર અને ડાયરેકટર ડૉ. પંકજ અરોરા અને દ્વિતીય દિવસે ગુજરાત યુનિ.ના શિક્ષણશાસ્ત્ર ભવનના પ્રોફેસર ડૉ. સતીશપ્રકાશ શુકલ હતા.

આ દ્વિદિવસીય સેમિનારના આઠ સમાતંર સત્રોમાં કુલ ૧૧૫ જેટલાં શોધપત્રો રજુ થયા હતા. વિવિધ સત્રોમાં સત્રાધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના અધ્યાપકોની સાથે વિવિધ આમંત્રિત અધ્યાપકો પ્રો. સંજય ગુપ્તા, ડૉ. અમિતાબેન પટેલ, ડૉ. પરેશ આચાર્ય, ડૉ. ડી.આર. ભટનાગર, પ્રો. અમૃત ભરવાડ, ડૉ. ભાવેશ રાવલ, ડૉ. નીતિન ઢાઢોદરા, ડૉ. લક્ષ્મણસિંહ રાઠોડે પોતાની સેવાઓ આપી હતી.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. પટેલ ધનજીભાઈ મંગાભાઈ
  ઉ.વ. ૬૯, આલમપુર
- સ્વ. ઠક્કર ચંદુલાલ મંગળદાસ
  ઉ.વ. ૮૬, સેકટર-૨
- સ્વ. મકવાણા મોહનભાઈ દાનાભાઈ
  ઉ.વ. ૭૯, સેકટર-૨૫
- સ્વ. મકવાણા બબુબેન બચુભાઈ
  ઉ.વ. ૬૭, સેકટર-૧૯
- સ્વ. પટેલ નાનીબેન શંકરભાઈ
  ઉ.વ. ૭૭, જુના બબલપુરા, દહેગામ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. અંજલી એસ.
  ઉ.વ. ૨૯, સુઘડ